R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 19•ISSUE: 43 DATE: 24-10-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

### દેશમાં વધતી અસહિષ્ણુતા સામે રાષ્ટ્રપતિએ ફરી વ્યથા ઠાલવી

## સહિષ્ણુતા-મતભેદનો સ્વીકાર ખતમ થઇ ગયો છે ? પ્રણવ મુકરજી

દેશમાં વધી રહેલી અસહિષ્ણુતા વચ્ચે રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને પ્રશ્ન કર્યો હતો કે શું દેશમાંથી સહિષ્ણુતા અને મતભેદ સ્વીકારવાનો સ્વભાવ ખતમ થઈ ગયા છે કે શું ? દુર્ગાપુજાના અવસર પર રાષ્ટ્રપતિએ આશા વ્યક્ત કરી હતી કે મહામાયા તમામ અસુરો કે વિભાજનકારી તત્વોનો નાશ કરશે. રાષ્ટ્રપતિએ કહ્યુ હતું કે માનવતા અને બહુવિધતા કોઈપણ સંજોગોમં ભુલવા ન જોઈએ. મેળવીને પચાવવાની ભારતીય સમાજની લાક્ષણિકતા છે. આપણે સંગઠિત બનીને સમાજમાં રહેલી રાક્ષસી તાકાતનો વિરોધ કરવો પડશે. તેમણે રામકૃષ્ણ પરમહંસનો વિચાર જાતો મત તાતો પથ યાદ કરાવ્યો હતો અને કહ્યું હતું કે માન્યતાઓ અનેક પ્રકારની હોય છે. ભારતીય સંસ્કૃતિ તેની સહિષ્ણુતાને કારણે ૫૦૦૦ વર્ષથી વધુ સમયથી ટકી રહી છે. તેને હંમેશા વિરોધી મત અને મતભેદોને સ્વીકાર્યા છે.સંખ્યાબંધ ભાષાઓ, ૧૬૦૦ બોલીઓ અને ૭ ધર્મનું દેશમાં સહ અસ્તિત્વ છે. આપણું બંધારણ આ તમામને સમાવે છે. તાજેતરમાં મુંબઈમાં શિવસેનાએ સુધીર કુલકર્ણીનું મોઢું કાળુ કર્યુ હતું જેને પગલે રાષ્ટ્રપતિએ ટકોર કરી છે.અગાઉ દાદરીની ઘટનાને પગલે પણ તેમણે ઉગ્ર શબ્દોમાં સંદેશો આપ્યો છે.

ઉત્તર પ્રદેશના દાદરીના બિસાહડા ગામ ખાતે ગૌમાંસ ખાવાના શકના મુદ્દે એક મુસ્લીમ કુટુંબ પર થયેલ હિંસક હુમલો અને મોત નિપજાવવાની ઘટનાએ દેશમાં રાજકીય હડકંપ મચાવ્યો છે.રાજકીય પક્ષોની એકબીજા વિરુધ્ધ આરોપબાજીથી વાતાવરણ ડહોળાઈ ગયું છે ત્યારે રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ જણાવ્યું હતું કે દેશે વૈવિધ્યતા અને સહિષ્ણુતાના મુળભુત મુલ્યોને હાંસીયામાં ધકેલવાની પરવાનગી આપી શકીએ નહીં.વૈવિધ્યતા, સહિષ્ણુતા અને બહુવિધતાના મુલ્યોને હંમેશા મગજમાં રાખવા જોઈએ. દાદરીની ઘટના અંગે ચિંતા વ્યક્ત કરતાં રાષ્ટ્રપતિએ કહ્યુ હતું કે આપણે દેશના સંસ્કારનો નાશ કરવા દઈ શકીએ નહીં. મારો દઢ વિશ્વાસ છે કે આપણે આપણા મુલ્યો છે જેણે વર્ષોથી આપણા વિવિધસભર સમાજને એકજુથ રાખ્યો છે. આ બુનિયાદી મુલ્યોને જ સદીઓથી આપણને એકબીજા સાથે બાંધી રાખ્યા છે. ઘણી પ્રાચીન સંસ્કૃતિઓ નાબદુ થઈ ગઈ છે.પરતું અનેક વિદેશી આક્રમણો અને વિદેશી શાસન છતાં ભારતીય સંસ્કૃતિ મુળભુત મુલ્યોને કારણેજ બચી શકી છે.



### બુનિયાદી મુલ્યોને નાબુદ કરવાની પરવાનગી નથી : રાષ્ટ્રપતિની શીખામણ

રાષ્ટ્રપતિએ એક પુસ્તક વિમોચન પ્રસંગે જે ભાષણ આપ્યું તેને વડા પ્રધાને પણ પ્રશંસા કરી હતી.રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે સહઅસ્તિત્વ તેમજ સહયોગ વિના કોઈ દેશ ટકી શકે નહી. જગતની અનેક સભ્યતાઓ આથમી ગઈ છે.જ્યારે ભારતીય સભ્યતા ટકી શકી છે,એનું કારણ ભારતીય પ્રજાની સહિષ્ણુતા અને સ્વભાવમાં રહેલું લચીલાપણું છે.જો પ્રજા સહઅસ્તિત્વના ગુણ નથી ધરાવતી એ પ્રજા લાંબો સમય પોતાની સભ્યતા ટકાવી શકતી નથી.જો કે રાષ્ટ્રપતિનું આખુ ભાષણ કેન્દ્ર સરકાર માટે જ હતું.

રાષ્ટ્રપતિએ સહિષ્ણુતાનો સંદેશો આપ્યા બાદ વધુ આકરા શબ્દોમાં ચેતવણી આપતાં કહ્યુ હતું કે 'ઘૃણાસ્પદ ભાષણો અને ભય ફેલાવવાની વૃતિ'બંધ થવી જોઈએ.કેટલાક લોકોની સત્તાની ભુખ સંતોષવા માટે ધર્મનો મહોરા તરીકે ઉપયોગ ન જ કરવો જોઈએ.જોર્ડનની મુલાકાતે જતાં પહેલા તેમણે અરબી દૈનિક અલ ગહાદને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યુ હતું કે ઉદાર મતનો અવાજ બુલંદ થવો જોઈએ. આપણા મુલ્યો આપણા દૈનિક જીવનનો ભાગ બનવો જોઈએ.

યુપીએ સરકારે જે રીપોર્ટ દાદરી ઘટના અંગે મોકલાવ્યો છે તેમાં જે પરિવારે કટ્ટરવાદીઓએ હુમલા કરવા માટે જે શંકા કરીને હુમલો કર્યો હતો તેનો ઉલ્લેખ જ કરવામાં આવ્યો નથી.આ પરિવારે ગૌમાંસ ખાધા હોવાનો કોઈ ઉલ્લેખ નથી.પરિણામે એવું તારણ કરી શકાય કે દેશમાં સત્તા પર બિરાજેલી પાર્ટીના કાર્યકરો શંકાને નામે દેશમાં ગમે તેની હત્યા કરી શકે છે.માત્ર તેમને શક હોવો જરુરી છે.પરિણામે રાષ્ટ્રપતિએ પોતાનું નિવેદન આપવાની ફરજ પડી છે.

દાદરી ખાતે જે મુસ્લીમ પરિવાર પર હુમલો કરાયો હતો તે પરિવારને દિલ્હી એરફોર્સ કોલોની ખાતે ખસેડવામાં આવ્યું છે.મૃતક ઈખલાકના પુત્ર સરતાજે જણાવ્યું હતું કે અમને ન્યાય જોઈએ છે.બીજી તરફ પોલીસ ભાઈચારાની રેલી યોજી રહી છે.જ્યારે વિહપનેતા સાધ્વી પ્રાચીએ દાદરીના બિસહડા ગામમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરતાં પોલીસે તેમની ધરપકડ કરી હતી.શાંતિનું વાતાવરણ ડહોળાઈ જાય નહી માટે તેમને અટકાવવામાં આવ્યા હતા. સાધ્વી પ્રાચીના મંતવ્ય મુજબ આ ગામના હિંદુ ભાઈઓને ખોટા કેસો નોંધીને ફસાવવામાં આવ્યા છે.તેવો તેમને આક્ષેપ કર્યો હતો.

જ્યારે બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યુ હતું કે દેશમાં કોમી ભાઈચારાને ડહોળવાનો પ્રયત્ન કરનારા સામે કડક હાથે પગલાં લેવાશે.તેમણે રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર દેશમાં કોમી શાંતિમાં પલીતો ચાંપનારા સામે સંભવિત તમામ પગલાં લેશે તેવું જણાવ્યુ હતું.

## બીફ પાર્ટીના મામલે કાશ્મીરી એમએલએ પર શ્યાહીથી હુમલો

જમ્મુ કાશ્મીરમાં ગૌમાંસની પાર્ટી આપીને વિવાદ સર્જનારા અપક્ષ ધારાસભ્ય એન્જિનિયર રશીદ પર દિલ્હીમાં શ્યાહી ફેકીને તેમનું મો કાળુ કરાયું છે. હિન્દુ સેના નામના સંગઠને આ ઘટનાની જવાબદારી લીધી છે.રસીદને અગાઉ નવ ઓકટો.ના રોજ બીફ પાર્ટી આપવા બદલ જમ્મુ કાશ્મીર વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોએ માર માર્યો હતો.રસીદે ધારાસભ્યોની હોસ્ટેલમાં પાર્ટી આપી હતી.નોધનીય છે કે ગયા સપ્તાહે મુંબઈમાં શિવસેનાના કાર્યકરોએ પાકિસ્તાનના પુર્વ વિદેશ મંત્રી ખુરશીદ કસુરીના પુસ્તકના વિમોચન પહેલાં વિરોધ દર્શાવવા આ કાર્યક્રમના આયોજક સુધીન્દ્ર કુલકર્ણીના મો પર શ્યાહી નાંખીને વિવાદ સર્જ્યો હતો.તે પછી આ બીજી ઘટના છે.

રસીદ પત્રકારોને સંબોધવાના હતા ત્યારે જ આ ઘટના બની હતી. હિંદુ સેનાના વિષ્ણુ ગુપ્તાએ પાછળથી શ્યાહી ફેકવાની જવાબદારી લીધી હતી.દિલ્હી પોલીસે પાછળથી આ કેસમાં બે જણની ધરપકડ કરી હતી.રસીદે કહ્યુ હતું કે કુલકર્ણી સાથે જે બન્યું તે મારી સાથે થયું છે. તમે લોકો એમ કહો છો કે પાકીસ્તાનમાં તાલિબાનો વધી રહ્યા છે પણ ભારતમાં શું થઈ રહ્યું છે ?રસીદે કહ્યું કે અમે ભારતને મહાત્મા ગાંધીનો દેશ માનીએ છીએ, તોગડીયા કે હિન્દુ મહાસભાનો નહી.

## કાશ્મીરમાં ટ્રકમાં ગૌમાંસની અફવા બાદ પેટ્રોલ બોમ્બના હુમલામાં કંડકટરનું મોત

જમ્મુ કાશ્મીરના ઉધમપુર નજીક ધોરી માર્ગ પર ટ્રકમાં ગૌમાંસ હોવાની અફવા બાદ કરાયેલ પેટ્રોલ બોમ્બના હુમલામાં ગંભીર રીતે દાઝી ગયેલ ટ્રક કંડકટર ઝાહિદ અહેમદનું મોત નિપજયું હતું.ઝાહિદના મોતને કારણે અલગતાવાદીઓએ કાશ્મીર બંધના આપેલા એલાનને કારણે કાશ્મીર ખીણ પોલીસ સત્તાવાળાઓ આઠ વિસ્તારોમાં કરફયુ લાદી દીધો હતો. સુરક્ષા દળો અને દેખાવકારો વચ્ચે ઠેર ઠેર અથડામણો થઈ હતી.પેટ્રોલ બોમ્બથી હુમલો કરવાની ઘટનામાં પોલીસે અત્યાર સુધીમાં ૯ લોકોની ધરપકડ કરી હતી.જો કે ગૌમાંસની અફવાને કારણે થયેલી હત્યાના વિરોધમાં બંધના એલાનને પગલે સરકારે અલગતાવાદી નેતાઓને નજરકેદ કરી દીધા હતા.બનિહાલ વિસ્તારની રેલ સેવાઓ સ્થગિત કરી દેવાઈ હતી.

જમ્મુ કાશ્મીર કેબિનેટે ઝાહિદનું મોત નિપજાવનાર પેટ્રોલબોમ્બ હુમલાને વખોડી કાઢ્યો હતો અને મુખ્યમંત્રીએ કેબિનેટમાં ઠરાવ રજુ કરીને બે મિનિટનું મૌન પાળી મૃતકને શ્રધ્ધાંજલી આપી હતી.સરકારે મૃતકના પરિવારને પાંચ લાખનું વળતર આપવાની જાહેરાત કરી હતી.

ઓમર અબ્દુલ્લાએ ટવીટ કરી જણાવ્યું હતું કે ગૌમાંસના નામે વધુ એક નિર્દોષનો ભોગ લેવાયો છે.આ હત્યા માટે ભાજપ અને તેના સહયોગીઓ તથા તેની સાથે જોડાયેલા પક્ષો જવાબદાર છે.હવે સરકાર રુ.દસ હજારનું વળતર આપીને હાથ ધોઈ નાંખશે.ગૌમાંસના મુદ્દે હવે રાજકારણ રમવાનું બંધ કરાશે કે કેમ તેનો જવાબ વડાપ્રધાને આપવો પડશે. કારણ કે તેમની સાથે જોડાયેલા તેમના સહયોગીઓ દ્વારા આવા કાર્યક્રમોનો અમલ કરાઈ રહ્યો છે.મગરના આસું પાડે ચાલશે નહી, કંઈક કડક વલણ અપનાવવું પડશે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

તાજેતરમાં બની રહેલી કેટલીક ઘટનાઓ ભારે ચિંતાનો વિષય બની રહી છે.હાલમાં પાકિસ્તાને ભારતથી ગભરાઈને પરમાણું બોંબનો સહારો લીધો હોવાની કબુલાત કરી છે.અત્યાર સુધીમાં પાકિસ્તાન અને ભારત વચ્ચે થયેલા યુધ્ધોમાં ભારતનો હાથ ઉંચો રહ્યો છે. અને તેમાંય પુર્વ પાકિસ્તાન પોતાના હાથમાંથી સરી ગયું અને બંગલા દેશ બની ગયું તેની બળતરા હજુયે ત્યાંના રાજકારણીઓ અને લશ્કરી સુત્રોને થાય છે.પરંતુ પાકિસ્તાન હંમેશા ભારત સામે બડાઈ મારવામાં જરાય પાછી પાની કરતુ નથી.હમણાં જ પાકિસ્તાની વિદેશી સચિવ એઝાઝ ચૌધરીએ ભારતને ગર્ભિત ધમકી આપી કે પાકિસ્તાને ભારતને યુધ્ધ કરતું અટકાવવા માટે વ્યુહાત્મક પરમાણું શસ્ત્રો વિકસાવ્યા છે.આ પહેલા અનેક લશ્કરી અધિકારીઓએ પણ આ પ્રકારની બયાનબાજી કરી છે.ટુંકમાં તેમના હાથમાં પરમાણું હથિયારો આવી જતાં તેમને હવે તેને વાપરવાની ખુજલી આવી ગઈ છે. પરંતુ તેમને હજુ આ બાબતે ખબર નહી હોય કે ભારત ભલે ધમકીની ભાષામાં વાત નથી કરતું પરંતુ તે આવા કોઈપણ હુમલા માટે સજ્જ છે.અત્યાર સુધી પાકિસ્તાન પરમાણું શસ્ત્રો બાબતે મૌન ધારણ કરીને બેઠેલું હતું. કારણકે જો તેમ કરે તો તેને મળતી અબજો ડોલરની સહાયથી હાથ ધોઈ નાંખવા પડે. પરંતુ હવે પહેલીવાર પાકિસ્તાને જાહેરમાં આ બાબતે કબુલાત કરી છે.પાકિસ્તાન પાસે હાલમાં ૧૦૦થી વધુ અને ભારત પાસે પણ તેટલાની સંખ્યામાં પરમાણુ બોંબ હોવાની શક્યતા છે.ખેર, વિશ્વમાં શાંતિ સ્થપાય તે માટે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ અને કોઈપણ દેશ પરમાણું શસ્ત્રોનો ઉપયોગ ના કરે તે જરુરી છે.

દેશમાં ચારેબાજુ ગૌમાંસ બાબતે નિવેદનબાજીઓ ચાલી રહી છે.ગૌમાંસના મુદ્દે રાજકીય પક્ષો મત વેતરી લેવાની વેતરણમાં પડેલા છે. જે પાર્ટીઓએ આ મુદ્દાને ચગાવ્યો છે તેઓ હાલમાં સત્તા પર બેઠેલા છે અને તેમના સત્તાકાળ દરમિયાન પીંક રેવોલ્યુએશન ભુલાઈ ગયું છે. હાલમાં ભારત સૌથી વધુ ગૌમાંસની નિકાસ કરનાર દેશ છે.તેમજ જે દેશની મોટી ટકાવારી પ્રજા માંસાહારી હોવાના આંકડાઓ જાહેર થયા છે પછી આ બાબતે વધુ વિવાધ વકરાવવાનો કોઈ પ્રશ્ન ઉભો થવો જોઈએ નહી.માત્ર શાકાહારની જ તરફેણ કરવી અને અન્યોને ઉતરતા ગણવા તે યોગ્ય સંસ્કાર કે સંસ્કૃતિ આ દેશની નથી.કોઈએ માંસ ખાધુ હોવાની અફવાને પગલે તેની હત્યા કરાય તેવો કાયદો કે તેઓ જનાદેશ આ દેશના મતદારોએ સત્તાધારી પાર્ટીઓ કે તેમના ટેકેદારોને આપ્યો નથી.છપ્પનની છાતીના ભાષણો કરવાથી નાગરિકોની સુરક્ષા કે સુવિધા જળવાતી નથી.

IN THE FOOTESTED OF JESUS
HOLYLAND TOUR
પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૫ નું આયોજન કરેલ છે.
દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો
ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.
Tour Date 11 November,2015
પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે.
પ્રાર્થન પોલ ગોહિલ,
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *

## ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવાની લાંબાગાળાની યોજના સફળ બનાવવા અનેક પ્રયોગો થઇ રહ્યા છે

ભારતમાં લોકસભાની ચુંટણી પત્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ શાસનની ધુરા સંભાળી ત્યારે એમ લાગતું હતું કે દેશના તેવર બદલાશે અનો ખરેખર વિશ્વમાં ભારતને આર્થિક મહાસત્તા તરફ લઈ જવા વડાપ્રધાને આપેલ વિશ્વાસ પરિપુર્ણ થશે. પરંતુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની મુરાદ કંઈક અલગ છે. તેઓ ઈચ્છે છે કેલઘુમતી મુસ્લીમ અને ખ્રિસ્તી સમુદાયો સ્વીકારી લે કે ભારત માત્ર હિંદુઓનો દેશ છે.અને તેઓની ઈચ્છા પ્રમાણે જ લઘુમતી સંપ્રદાયો વર્તે. સંઘ દ્વારા લઘુમતી સંપ્રદાયના કેટલાક લોકોનું ધર્મ પરિવર્તન આ હેતુસર કરવામાં આવી રહ્યું છે.તેમની વિચાર સરણી દેશના ખુણે ખુણે પ્રસરાવવાની તેમની ઈચ્છા છે.

લોકસભાની ચુંટણીમાં ભાજપને જીતાડવા માટે સંઘના કાર્યકરોના ધાડેધાડા ઉતરી પડ્યા હતા.હવે રાજય સરકારોમાં તેમની સરકાર રચાય અને રાજયસભામાં તેમને બહુમતી મળે તે દિશામાં તેઓ પ્રયત્નશીલ છે.

દેશમાં મહત્વના સામાજિક,રાજકીય એ સાંસ્કૃતિક બદલાવો લાવવા તેઓ ઈચ્છે છે.જો કે લાંબાગાળાની આ યોજના માટેના મિશનનો પ્રારંભ થઈ ચુકયો છે.સંઘના મુદ્દાઓ હવે ધીમે ધીમે બહાર આવી રહ્યા છે.

## દાદરી ઘટના પાછળ ત્રણ લોકોની જવાબદારી નો ઉલ્લેખ કરતાં સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવ

દાદરી હત્યાકાંડના મામલે મૌન તોડતાં સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવે જણાવ્યું હતું કે આ મામલે કડક પગલાં લેવાશે.એ માટે મારી સરકાર જાય તો પણ મને પરવા નથી.તેમણે દાવો કર્યા હતો કે આ ઘટના માટે એક ચોક્કસ પાર્ટીના ત્રણ લોકોનું એક 'પુર્વ - આયોજિત' કાવતરુ જવાબદાર છે.તેમણે પત્રકારોને જણાવ્યુ હતું કે દાદરી ઘટના એક પુર્વ આયોજીત કાવતરુ છે. તમને કાવતારખોરોના નામો જાણવા મળશે. મે જે માહિતી એકત્ર કરી છે તેમાં એક ચોક્કસ પાર્ટીના ત્રણ લોકો આ ઘટનાની પાછળ છે. પક્ષનું એક પ્રતિનિધિ મંડળ દાદરી મોકલવામાં આવશે અને એ પછી સ્પષ્ટ થશે કે આ ત્રણ વ્યક્તિઓ કોણ છે? એક વખત નામ સ્પષ્ટ થાય એ પછી અમે કડક પગલાં ભરીશું. સરકારે જે કંઈ પણ બલિદાન આપવાનું છે તે આપશે.

મુલાયમસિંહ યાદવે જે ઉલ્લેખ કર્યો છે તે પરથી એવુ લાગે છે કે આ મામલામાં સંડોવાયેલા સત્તા સાથે સંકળાયેલ પક્ષના લોકો જ છે.

## નામ.પોપ ફ્રાંસિસને જેસુઇટ સંઘની અનોખી ભેટ



ના.પોપ ફ્રાંસિસ ગરીબો-વંચિતો-સર્વહારાઓ પ્રતિ તેમની કુણી લાગણીઓ તથા સહાનુભુતિ માટે જાણીતા છે અને ઘણા લોકપ્રિય બની ગયા છે.તાજેતરમાં જેસુઈટ સંઘના વડા જ્યાં રહે છે તથા વિશ્વભરમાં પથરાયેલ વિવિધ જેસુઈટ સેવા સંસ્થાઓનો જ્યાંથી વહીવટ થાય છે તે રોમ સ્થિત જેસુઈટ સંઘના કેન્દ્ર (રોમન ક્યુરીઆ ) તરફથી ના. પોપને એક અનોખી ભેટ આપવામાં આવી છે. કેન્દ્રમાં ૩૫ જેટલા ગરીબો ને ઘર વિહોણાઓ માટે રાત્રે સુવા માટે સુવિધા ઊભી કરી છે.સવારે ઉઠે ત્યારે એમને બ્રેકફાસ્ટ આપવામાં આવશે અને ત્યાર પછી તેઓ પાછા જઈ શકશે.મધર ટેરેસાના મંડળના સીસ્ટરો તથા જેસુઈટ સંસ્થાઓમાં રહેતા, સેવા પ્રવૃત્તઓ કરતાં અને વિવિધ અભ્યાસ કરવામાં રોકાયેલા જેસુઈટો સ્વયંસેવકો તરીકે પોતાની સેવાઓ આપશે.જેસુઈટ સ્વયંસેવકો આ ગરીબો તથા ઘરવિહોણાઓ સાથે રાતવાસો કરશે ને રાત્રે કંઈ જરુર પડે તો તેમની મદદે આવશે અને સવારે તેમને માટે બ્રેકફાસ્ટ તૈયાર કરી આપશે....આ અદના માટે જે કંઈ કર્યું તે મારે માટે કર્યું છે.(માત્થી ૨૫)

**ફાધર વિલિયમ (રિશ્તા)**

વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઈટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઈટ હાઉસ કરવામાં આવ્યું.

ફ્રાંસની એક રીફાનરીમાં કામ કરતાં ત્રેપન વર્ષના એલન ગાર્સીયાએ સોથી વધારે સ્ત્રીઓ પર બળાત્કાર કરેલાના કિસ્સા પોલીસ દફતરે નોધાયેલા છે.

લોસ એંજલસની સ્ટાર હોલીવુડ રેસ્ટોરાંની મુતરડીઓમાં દરેક સ્ટેન્ડ પર ટીવી ગોઠવેલાં છે.

અમેરીકામાં સ્ટ્રીપ્ટીઝ અને કેબરે જોવા માટે પુરષો કરતાં સ્ત્રીઓ વધારે જાય છે.

ઓલીવ ટ્રીનું આયુષ્ય ૧૫૦૦ વર્ષનું હોય છે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

લગ્ન વિષયક
ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર
ગીડીયોન પોલ પરમાર
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

# દેશમાં ખાલી પડેલા ફ્લેટો પર ૩૦ ટકાના દરે આવકવેરો વસુલવાની કવાયતનો દોર શરૂ

સીબીડીટીએ ૨૦૧૫-૧૬થી ખાલી પડેલ ફ્લેટની વાર્ષિક આવક પર ટેક્સ નાંખવાનું પ્લાનીંગ કર્યુ છે.આઇટી વિભાગના એક ઉચ્ચ અધિકારી દ્વારા જણાવાયું છે કે કેન્દ્ર સરકારે ખાલી ફ્લેટો પર ભાડાની આવક ગણી તેની પર વેરો વસુલ કરવાની દરખાસ્તને મંજુરી આપી છે.આનો અમલ ચાલુ નાણાંકીય વર્ષથી કરવામાં આવશે.જો ફ્લેટ વ્યક્તિગત નામે હશે તો ઈન્કમટેક્ષના સ્લેબ પ્રમાણે અને કંપનીના નામે હશે તો ૩૦ ટકાના દરે ટેક્સ વસુલાશે.દેશમાં ૭ શહેરોમાં આવકવેરા વિભાગે જાન્યુ. થી માર્ચ -૧૫માં બિલ્ડરો પર કરેલા સર્વમાં અંદાજે સાત લાખ ફ્લેટ ખાલી હોવાનું બહાર આવ્યું છે.જેના આધારે આ નવી નીતિ ઘડાઈ છે.

આવકવેરા વિભાગ ખાલી પડેલા ફ્લેટોના ભાડાની આવક કેટલી છે એ વાર્ષિક લેટીંગવેલ્યુના આધારે ગણશે.ફ્લેટ જે વિસ્તારમાં આવેલ હોય ત્યાં ચાલતા વાજબી માસિક ભાડાના આધારે ભાડાની વાર્ષિક આવક કેટલી થાય તે ગણવામાં આવશે.અગાઉ પણ રિયલ એસ્ટેટ કંપનીઓ પાસેથી ટેક્સ લેવાની યોજના બનાવાઈ હતી. ૨૦૧૨માં આ યોજના અમલી બને તે પહેલાં જ બિલ્ડરો કોર્ટમાં જતાં રહ્યા હતા.જો કે , આવકવેરાની તરફેણમાં ચુકાદો આવ્યો હતો.ત્યારબાદ ૨૦૧૫-૧૬માં ટેક્સ વસુલવામાં આવશે.તેની સત્તાવાર જાહેરાત નજીકના દિવસોમાં થશે.

# રાષ્ટ્રીય લઘુમતીપંચના સત્ય શોધક મિશને ઇખલાકની હત્યા પુર્વનિયોજત હતી તેવો ખુલાસો કર્યો

ઉત્તર પ્રદેશ દાદરી વિસ્તારના બિસાહડા ગામમાં ગૌમાંસ ખાવાની અફવાના મુદ્દે મોહમ્મદ ઈખલાકની હત્યા સ્વયંભુ રોષના કારણે બની નહોતી. રાષ્ટ્રીય લઘુમતી પંચની સત્ય શોધક મિશન અંતગર્ત ઘટનાસ્થળની મુલાકાત લેનાર પંચના સભ્ય ફરીદા અબ્દુલ્લાહ ખાને જણાવ્યું હતું કે ઈખલાકની હત્યા કોઈ તાત્કાલિક બનેલી ઘટના નહોતી પંતુ તે પુર્વનિયોજીત હતી. તેમણે જણાવ્યું હતું કે દુરથી કોઈ ટોળું આવે અને કોઈ પર હુમલો કરી દે એ શક્ય જ નથી.

ફરીદાએ જણાવ્યું હતું કે અમને હિંદુઓએ પણ મદદનો પ્રસ્તાવ આપ્યો હતો. હિંદુઓ પણ અમને મળવા માંગતા હતા. તેમણે અમને જણાવ્યું કે અમે આરોપીઓની ઓળખ કરવામાં મિશનની મદદ કરવા ઈચ્છીએ છીએ. તેનાથી અમે ઘણા સ્થળોએ તપાસ માટે ગયા છીએ. પરંતુ સ્થાનિકો તપાસમાં સહકાર આપવા તૈયાર થતાં નથી.પરંતુ અહી લોકોએ કહ્યું કે આરોપીઓને સજા મળવી જોઈએ.

લઘુમતી પંચના સત્ય શોધક મિશનની સ્પષ્ટતા એ બતાવે છે કે હિંદુ કટ્ટરવાદી પરિબળો આ હત્યાના મુખ્ય પરિબળો હતા.જે માટે સરકારે કડક હાથે કામ લેવું જોઇએ.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# મહારાષ્ટ્રમાં મરાઠી સંગીત પર જ ગરબા રમવા મનસેની ગુજરાતીઓ ને દમદાટી

ગુજરાતીઓના ગરબા અને દાંડીયા રાસ મરાઠી લોકસંગીત પર રમાડવાની મનસે દ્વારા જાહેરાત કરવામાં આવી છે.ગુજરાતીઓને ટાર્ગેટ બનાવવાનું છેલ્લા કેટલાક વખતથી મનસે દ્વારા ચલણ છે.પર્યુષણમાં માંસાહાર બાબતે પણ બધા જ જૈનોને ગુજરાતી ગણાવી ગુજરાતીઓ પર જાહેરમાં ટિપ્પણી કરવામાં આવી હતી.ગુજરાતી ફિલ્મોને પ્રાઇસ ટાઇમમાં ન દર્શાવવાનો ફતવો પણ તેમણે જારી કર્યો હતો.

હવે મહારાષ્ટ્રમાં નવરાત્રિને ગુજરાતી ગરબાને બદલે મરાઠી લોકસંગીત સાથે ઉજવવાનો ફતવો જાહેર કરવામાં આવ્યો છે.

# ગુલામઅલીને દિલ્હીમાં કોન્સર્ટ માટે આમંત્રણ અપાયું

મુંબઈમાં પાકિસ્તાની ગાયક ગુલામઅલીના કોન્સર્ટને શિવસેનાએ કરેલા વિરોધને કારણે રદ કરવો પડ્યો હતો.પરંતુ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સરકારે તેમને રાજધાની દિલ્હીમાં કાર્યક્રમ કરવાનું આમંત્રણ આપ્યું છે.તેમનું કહેવું છે કે સંગીતને કોઇ સરહદો હોતી નથી.કેજરીવાલની જેમ જ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પણ ગુલામ અલીનો કાર્યક્રમ કરવા માટે આમંત્રણ આપ્યું છે.સંગીત અને રમત ગમતના નામે રાજકીય ખીચડી પકવનારાઓને શાનમાં હવે સમજવાની જરુર છે


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# ગ્રીન ટ્રિબ્યુનલે ગંગા શુધ્ધિ બાબતે સરકારને સકંજામાં લીધી

લોકસભાની ચુંટણી વખતે ગંગાના શુધ્ધિકરણના મામલે ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ મોટી મોટી જાહેરાતો કરીને લોકોના મનમાં ધાર્મિક રીતે સંકળાયેલ ગંગાના નામે મત મેળવવા માટે હાકલા પડકારા કર્યા હતા. ભુતકાળની સરકારોને વગોવી હતી.વડાપ્રધાન મોદીએ ગંગા શુધ્ધિકરણ માટે કરોડો રુપીયાની ફાળવણી કરીને તેની દેખરેખ રાખવા માટે અલગ ખાતુ પણ ઉભુ કરીને તેના મંત્રી તરીકે ઉમા ભારતીની નિમણુંક કરી હતી.

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે દ્વારા કેન્દ્ર સરકાર અને તેના સબંધિત ખાતાએ ગંગા શુધ્ધિકરણ અભિયાન અંગે અણીયાળા સવાલો પુછ્યા હતા.તેમણે કહ્યું હતું કે સરકાર એક પણ ગંગા નદીની જગ્યા બતાવે જ્યાં તેમણે શુધ્ધિકરણ કર્યુ હોય.ગંગા શુધ્ધિકરણના નામે અત્યાર સુધીમાં કરોડો રુપીયાનો ખર્ચ પાડવામાં આવ્યો છે.આમ છતાં ગંગાની અશુધ્ધિ દિવસે દિવસે વધુ ખરાબ બનતી જાય ચે.ગંગાના શુધ્ધિકરણ અંગે ચોકસાઈ રાખવાના બદલે સરકારના બેજવાબદાર વલણ સામે ટ્રિબ્યુનલે અનેક સવાલો ઉઠાવ્યા હતા.ટ્રિબ્યુનલે કહ્યું હતું કે વાસ્તવમાં આ દિશામાં કોઇ નક્કર પ્રયાસો કરવામાં આવ્યા જ નથી.બેન્ચે કહ્યું હતું કે આ મુદ્દે કશું નક્કર થયું નથી.તમે જ્યારે પણ આપો ત્યારે વિચારીને જવાબ આપજો. અમે છેલ્લા એક વર્ષથી રાહ જોઇએ છીએ. અમારે નક્કર ખાતરીની જરુર છે.ચુંટણીઓ ટાણે કરાતી વચનોની લ્હાણીનો કોઇ અમલ થતો નથી. અને પ્રજાના પરસેવાના નાણાં વેડફાઇ જાય છે જે ટેક્ષ મારફતે લેવાય છે.

# ટીકીટ કન્ફર્મ ન થાય તો અન્ય ટ્રેનમાં પ્રવાસ શક્ય બનશે

રેલ્વે દ્વારા પહેલી નવેમ્બરથી ઓલ્ટરનેટ ટ્રેઈન એકોમોડેશન સ્કીમ લોન્ચ કરવામાં આવશે.આ સ્કીમ અંતગર્ત કોઇ વ્યક્તિ જ્યારે કોઇ ટ્રેનની ટિકિટ બુક કરાવે અને તેને વેઇટીંગ લિસ્ટ ધરાવતી ટીકીટ મળે તો તેને સમાન રુટની અન્ય ટ્રેનમાં મુસાફરી કરવાનો વિકલ્પ આપવામાં આવશે.પ્રવાસીએ આ વિકલ્પ પસંદ કર્યો હોય અને તેણે જે ટ્રેન માટે બુકીંગ કરાવ્યુ હોય તેમાં તેની ટિકીટ કન્ફર્મ ન થાય તો સબંધિત ટ્રેનના નિર્ધારિત સમય પછી બાર કલાકમાં આ જ રુટ પરદોડતી અન્ય ટ્રેનમાં સીટ ઉપલબ્ધ હશે તો તે સીટ આ પ્રવાસીને ફાળવવામાં આવશે.

આ સ્કીમ પ્રવાસીઓ અને રેલ્વે બંન્ને માટે લાભદાયક સાબિત થશે.પ્રવાસીઓએ એકજ વાર બુકીંગ કરીને જે ટ્રેનમાં ટિકિટ ઉપલબ્ધ હોય તેમાં પ્રવાસ કરવાની તક મળશે. આથી તેમને એકજ મુસાફરી માટે એકથી વધારે ટ્રેનમાં બુકિંગ કરાવીને કઇ ટ્રેનમાં ટિકિટ કન્ફર્મ થાય છે તેની રાહ જોવી નહીં પડે.તહેવારો દરમિયાન રેલવે દ્વારા સ્પેશીયલ ટ્રેનો દોડાવવામાં આવે છે.પણ પ્રવાસીઓ મોટા ભાગે આવી સ્પેશીયલ ટ્રેનોમાં બુકિંગ કરાવવાનું પસંદ કરતા નથી. આથી રેલ્વે વિભાગ આવી સ્પેશીયલ ટ્રેનોની સીટની ફાળવણી વધુ અસરકારક રીતે કરી શકશે. સેન્ટર ફોર રેલ્વે ઈન્ફોર્મેશન સીસ્ટમ દ્વારા આ સ્કીમની ભલામણ કરવામાં આવી હતી.

# ગુજરાતના ચુંટણીપંચ અંગે વિરોધપક્ષના નેતા શંકરસિંહે ટીકા કરી

લોકશાહીના હિંતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના નાગરિકોની લાગણી અને માંગણી ધ્યાને રાખીને ભાજપ સરકાર અને ચુંટણી પંચ પાસે સમયસર ચુંટણી માટેની બાંહેધરી માંગવા બદલ ગુજરાત હાઈકોર્ટને શંકરસિંહ વાઘેલાએ આભાર માન્યો હતો.તેમણે ગુજરાતના ચુંટણીપંચની ભુમિકા સામે પણ તટસ્થતા અને આવનારી ચુંટણીઓમાં પારદર્શકતાને લઈને સવાલો કર્યા હતા. ગુજરાતનું ચુંટણી તંત્ર સરકારનું વાજિત્ર જેવું કામ કરે છે જે લોકતાંત્રિક વ્યવસ્થામાં યોગ્ય નથી.તેવી ગંભીર ટીપણી કરી હતી.


## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# ગૌમાંસ ખાવાની તરફેણ કરતાં સાવરકરનો સહારો લઇ શરદ પવારે ગૌમાંસ પરનો પ્રતિબધ ગેરવ્યાજબી ઠેરવ્યો



ગૌમાંસનો મુદ્દો દિવસે દિવસે વધુ પેચીદો બનતો જાય છે.ગૌમાંસની અફવાને કારણે બે નિર્દોષના જાન ગયા છે.ત્યારે ગૌમાંસ પર પ્રતિબંધ મુકાવો જોઈએ એવું માનનારા લોકોની સામે ગૌમાંસનો પ્રતિબંધ ગેરવ્યાજબી છે માનનારા દિગ્ગજો એક પછી એક પોતાનાં નિવેદનોથી લાઈમલાઈટમાં આવવા પ્રયત્ન કરે છે. દુકાળ અને ખેડુતોને મુદ્દે શાશનમાં હતા ત્યારે કાંઇ ન ઉકાળી શકનારા એનસીપીના પ્રમુખ શરદ યાદવ હવે વીર સાવરકરને સહારે ગૌમાંસ પરનો પ્રતિબંધ હટાવવાની તરફેણ કરી છે. તો ભાજપ અને સંઘની ટીકા કરવાનો મોકો પવારે છોડ્યો નથી.

દાદરીના બનાવ અને સંઘના હિંદુત્વવાદી વલણમાં યુવાનોને ભોળવવામાં આવે છે એવા ઉલ્લેખ કરીને પવારે ભાજપની સાથે સંઘ પર પણ શબ્દ પ્રહારો કર્યા હતા. બીફ બેનની તરફેણના મુદ્દે એનસીપીના અધ્યક્ષ શરદ પવારે તાજેતરમાં વિવાદિત નિવેદન આપ્યુ છે.પવારે સાવરકરનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે હિંદુત્વ વિચારક વિનાયક દામોદર સાવરકરે ગાયને કયારેય પવિત્ર જાનવર તરીકે જાહેર નહોતું કર્યું, તેથી સાવરકરનું માનવું હતું કે ગાય ભલે લાભદાયી પશુ છે પરંતુ જ્યારે તે ઉપયોગી ન રહે ત્યારે તેને મારીને ખાઇ શકાય છે.

સાવરકર હિંદુત્વવાદી વિચારોને લોકોએ પોતાની સુવિધા અનુસાર બદલી નાંખ્યા છે.તેથી સાવરકરની આ વિચારધારા તેમને માનનારાઓને હજમ નહી થાય. એવી આડકતરી ટીકા શરદ પવારે કરી હતી.

# બીફ બેન, ધર્મ ,રાજકારણ અને વિવાદ દેશના હાલ સૌથી મુખ્ય ચર્ચાના વિષયો છે

દેશમાં હાલ સૌથી વધુ કોઇ બાબતે ચર્ચાનો મુદ્દો હોય તો તે બીફ બેન છે.ઉત્તર પ્રદેશમાં એક પરિવારના મોભીને એટલા માટે ટોળાએ જાહેરમાં મારી નાંખ્યો કે કોઈએ એવી અફવા ફેલાવી કે તેમણે પરિવાર સાથે મળીને બીફ ખાધું હતું. જો કે ફોરેન્સીક રીપોર્ટમાં એ સ્પષ્ટ થયું કે બીફની માત્ર અફવા જ હતી.કેમકે મુસ્લીમ પરિવારે માંસ ખાધુ હતું. પરંતુ બીફ નહીં.આ મુદ્દો તો આંતરરાષ્ટ્રીય મીડીયામાં પણ ચર્ચાનો વિષય બન્યો છે.હાલમાં પરિસ્થિતિ એવી છે કે દેશના મોટાભાગના રાજ્યોમાં ગૌહત્યા પર પ્રતિબંધ છે.કેટલાક રાજ્યો એવા છે કે જ્યાં સંપુર્ણ પ્રતિબંધ છે.જ્યારે કેટલાક રાજ્યોમાં શરતો સાથે પ્રતિબંધ છે.એવા રાજ્યોની સંખ્યા નહીવત છે.જ્યાં ગૌહત્યાની સંપુર્ણ છુટ હોય.હાલ દેશની પરિસ્થિતિ ગૌહત્યાના મામલે ડામાડોળ થાય તેવો ભય આંતરરાષ્ટ્રીય મીડીયા દ્વારા સેવવામાં આવી રહ્યો છે.

પુરા ભારતમાં માત્ર ઉત્તર-પુર્વના કેટલાક રાજ્યોમાં જ ગૌહત્યા પર પ્રતિબંધ નથી.જ્યારે ઉત્તર ભારતમાં ગૌહત્યા પર કેટલીક શરતો સાથે પ્રતિબંધ છે. જે રાજ્યોમાં કોઇ જ પ્રતિબંધ નથી તેમાં ત્રીપુરા, મિઝોરામ, નાગાલેન્ડ,અરુણાચલ પ્રદેશ,મેઘાલય અને સિક્કિમ છે.

કર્ણાટક, આંધ્ર, તેલંગાણા, ઓરીસ્સા, આસામ વગેરેમાં સંપુર્ણ પ્રતિબંધ ગૌહત્યા પર નથી.અંહી કેટલીક શરતો છે. જેમકે ૧૪ વર્ષથી ઓછી વયના પ્રાણીને મારી નથી શકાતાં. કેરળમાં આ વર્યમર્યાદા ૧૦ વર્ષની છે.હત્યા માટે પ્રાણીઓ ફિટ હોવા જરુરી છે.બિહારમાં નિકાસ પર પ્રતિબંધ છે. તો વળી કેટલાક રાજ્યોમાં સર્ટીફિકેટ સાથે સ્લોટરીંગની છુટ છે.અમુક રાજ્યોમાં ગૌશાળાની અછતના કારણે ગાયો કતલખાને પહોચી જાય છે.

પીંક રીવોલ્યુશન માટે મોટા બરાડા પાડનાર હાલની સરકારના સમયમાં સૌથી વધુ બીફ નિકાસ કરવામાં આવે છે.અને તેના કારણે દેશ મોધુ વિદેશી હુંડિયામણ કમાય છે.જે જતુ કરવાનું સરકારને પાલવે તેમ નથી.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


# એવોર્ડ પરત કરી રહેલા લેખકો દેશદ્રોહી છે : હિંદુ મહાસભા

દેશમાં વધી રહેલી અસહિષ્ણુતાના મામલે સાહિત્ય અકાદમી પુરસ્કારો પરત કરી રહેલા લેખકો માટે હિંદુ મહાસભાએ બુધ્ધિ-શુધ્ધિ યજ્ઞ કર્યો હતો.સાહિત્યકારો સામે મોરચો ખોલતાં હિંદુ મહાસભાએ તેમને દેશદ્રોહી ગણાવ્યા હતા.હિંદુ મહાસભાના નેશનલ સેક્રેટરી પુજા સુકન પાંડેએ જણાવ્યું હતું કે અમે સાહિત્યકારો માટે બુધ્ધિ-શુધ્ધિ યજ્ઞ કર્યો છે.તેનાથી પુરસ્કારો પરત કરી રહેલા સાહિત્યકારોમાં બુધ્ધિ આવશે.આ પ્રકારના મામલા દેશ માટે શરમજનક છે.જેમણે પુરસ્કાર પરત કર્યા છે તેઓ દેશદ્રોહના આરોપી છે.અમારા પુજા-પાઠ અને યજ્ઞથી સાહિત્યકારોને બુધ્ધિ આવશે અને પુરસ્કાર પરત કરતાં પહેલાં વિચાર કરશે.દાદરીમાં બીફ ખાવાની અફવા બાદ ઈખલાક નામની વ્યક્તિ અને લેખક કાલબુર્ગીની હત્યા જેવી ઘટનાઓની નારાજ લેખકો સાહિત્ય અકાદમી પુરસ્કાર પરત કરી રહ્યા છે.અત્યાર સુધીમાં ૩૦ લેખકોએ પુરસ્કાર પરત કર્યા છે.

હિંદુ મહાસભાએ જાહેરાત કરી છે કે તે મહાત્મા ગાંધીના હત્યારા નથુરામ ગોડસેને ફાંસીએ લટકાવ્યો તે ૧૫ નવેમ્બરને બલિદાન દિવસ તરીકે ઉજવવા માંગે છે.ગયા વર્ષે હિંદુ મહસભાએ એવી જાહેરાત કરી હતી કે ગોડસેને ફાંસી અપાઇ હતી તે અંબાલા જેલમાં ગોડસેનુ મંદિર બનશે.

# શિવસેનાએ બીસીસીઆઇ અને પીસીબી બેઠકનો વિરોધ કરી પાકિસ્તાની અમ્પાયર અલિમદારને સીરીઝમાંથી હટાવ્યા

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઇ રહેલ ક્રિકેટ સીરીઝમાં અમ્પાયરીંગ કરી રહેલ પાકિસ્તાની અમ્પાયર સલીમ દારને હટાવવાના મુદ્દે શિવસેનાના સેનિકોએ કરેલા હોબાળાને લીધે બેઠક રદ થઇ અને પાકિસ્તાની અમ્પાયરને હટાવી દેવાયા હતા.ધ બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડીયા ના પ્રમુખ શશાંક મનોહર અને પાકિસ્તાની ક્રિકેટ બોર્ડના પ્રમુખ શહયાર વચ્ચે સુચિત દ્વીપક્ષી ક્રિકેટ શ્રેણી વિશે મુંબઈમાં યોજાનારી વાટાઘાટો શિવસેનાના જોરદાર વિરોધને કારણે સ્થગિત કરી દેવાઇ હતી

ભારત અને સાઉથ આફ્રિકાની સીરીઝમાં અમ્પાયરીંગ કરી રહેલ અલિમદારને સિરીઝમાંથી હટાવી દેવાયા છે.શિવસેનાએ મુંબઈમાં અલિમદારને અમ્પાયરીંગ ન કરવા અને ભારત છોડવા ધમકી આપી હતી.આ પહેલાં અલિમદાર કાનપુર,ઈન્દોર અને રાજકોટમાં રમાયેલ મેચોમાં અમ્પાયરીંગ કરી ચુક્યા છે.

શિવસેનાના સંજય રાઉતે જણાવ્યું હતું કે શિવસેનાના કાર્યકરોએ બીસીસીઆઈના પ્રમુખ શશાંક મનોહર સાથે ચર્ચા કરી પાકિસ્તાન સામે રમાનારી શ્રેણીનો વિરોધ કર્યો હતો.જ્યારે પાકિસ્તાની પંજાબ પ્રાંતની વિધાનસભામાં પાકિસ્તાન પિપલ્સ પાર્ટીના ધારાસભ્ય ફૈઝ મલિકે એક ઠરાવ રજુ કરી સંયુક્ત રાષ્ટ્રસંઘ પાસે શિવસેનાને આતંકવાદી સંગઠન જાહેર કરવાની અને તેના પર પ્રતિબંધ મુકવાની માંગણી કરવામાં આવી હતી.

આઈસીસીના પ્રેસિડેન્ટ ઝહીર અબ્બાસે જણાવ્યું હતું કે રાજકારણની ક્રિકેટ સાથે ભેળસેળ ન કરવી જોઈએ. આ કોઇ નવી બાબત નથી.આ લાંબા સમયથી ચાલ્યુ આવે છે. જ્યારે કોગ્રેસ પ્રવક્તા આનંદ શર્માએ જણાવ્યું હતું કે રાજ્યમાં જ્યારથી સરકાર બદલાઈ છે ત્યારથી અસહિષ્ણુતા વધી છે.અને જમણેરી જુથોના અસભ્ય વર્તનથી સામાજિક તંગદીલી વધી છે.તો આમ આદમી પાર્ટીએ શિવસેનાની માન્યતા રદ કરવાની માંગણી કરી હતી.

જ્યારે ભારતના નાણાંમંત્રી અરુણ જેટલીએ શિવસેનાને સંયમ રાખવાની અપીલ કરી છે.જોકે દર વર્ષે દશેરાએ શિવસેના તરફથી કોઈ અગત્યની જાહેરાત કરવામાં આવે છે તેથી આ વખતે દશેરાના દિવસે શિવસેનાના ઉધ્ધવ ઠાકરે કોઈ એવી જાહેરાત કરી શકે અને તેના કારણે ભાજપ અને શિવસેનાની યુતિમાં ભંગાણ પડી શકે તેવી આશંકાવો પ્રવર્તી રહી છે.


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.